પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૭૯ | ૯ સપ્ટેમ્બર, ૨૦૧૯, સોમવાર; ભાદરવા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ઈસરોને મળ્યુ લેન્ડર 'વિક્રમ'નુ લોકેશન

**ચંદ્રની સપાટી પર લેન્ડર વિક્રમના લોકેશનની માહિતી મળી : સિવન : લેન્ડર વિક્રમ ચંદ્રની સપાટી પર કઈ સ્થિતિમાં છે તેને લઇને સસ્પેન્સ : ઇસરો દ્વારા વિક્રમ લેન્ડરની સાથે સંપર્ક કરવાના પ્રયાસો : કયા કયા કારણોથી લેન્ડરનો સંપર્ક ઇસરોની સાથે તુટ્યો હતો તેમાં તપાસ : મિશનને લઇ આશા**

બેંગ્લોર, તા.૮

ચંદ્રની સપાટી ઉપર લેન્ડર વિક્રમના લોકેશન અંગે પાકી માહિતી મેળવી લેવામાં આવી છે. આને એક રાહતના સમાચાર તરીકે પણ જોવામાં આવી રહ્યા છે. વિક્રમ લેન્ડરની ઈમેજ મળી ગઈ હોવાનો દાવો ઈસરોના વડા કે શિવાન દ્વારા કરવામાં આવ્યો છે. જો કે, હજુ સુધી કોમ્યુનિકેશન અથવા સંપર્ક સ્થાપિત થઈ શક્યા નથી. સંપર્ક સ્થાપિત કરવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. ચંદ્રની





સપાટી ઉપર લેન્ડર વિક્રમના લોકેશન અંગે માહિતી મળી ચુકી છે. ઓર્બીટર દ્વારા ફોટા મોકલવામાં આવ્યા છે. હવે વધુ માહિતી એકત્રિત કરીને અભ્યાસ કરવામાં આવી રહ્યા છે. ઓર્બીટરે વિક્રમ લેન્ડરની એક થર્મલ ઈમેજ મોકલી છે. આ વાત ઈસરોના વડા શિવાને પોતે કરી છે. ઈસરોના પ્રમુખે એમ પણ કહ્યું છે કે, લેન્ડર વિક્રમ સાથે હજુ સુધી કોઈ સંપર્ક થઈ શક્યો નથી પરંતુ ટીમ લેન્ડર વિક્રમ સાથે દૂરસંચાર સ્થાપિત કરવાના પ્રયાસોમાં વ્યસ્ત છે. ટૂંક સમયમાં જ સંપર્ક સ્થાપિત થઈ શકે છે. જો કે, ઈસરો પ્રમુખે આ વાત હજુ સુધી પાકીરીતે કરી નથી કે, વિક્રમ ચંદ્રની સપાટી ઉપર કઈ સ્થિતિમાં છે. ઈસરોની એફએસીની ટીમ આ અંગેની માહિતી મેળવવામાં લાગેલી છે કે, આખરે કયા કારણોસર લેન્ડરનો સંપર્ક ઈસરો કમાન્ડ સાથે તુટી ગયો હતો. ઈસરોના વૈજ્ઞાનિકોએ આ પહેલા જ કહ્યું હતું કે, આગામી

● અનુસંધાન પાન-૭ પર

## ભારતનું મૂન મિશન અમારા માટે પ્રેરણાદાયક : નાસા

વૉશિંગ્ટન,તા.૮

ભલે ચંદ્રયાન ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરવામાં નિષ્ફળ રહ્યું પણ ચંદ્રયાન-૨ મિશનને લઈને દુનિયા આખી ભારતની અવકાશી સંસ્થા ઈસરોના બે મોઢે વખાણ કરી રહ્યું છે. દુનિયાની નંબર વન એવી અમેરિકાની નાસા જેવી એજન્સીએ ભારત અને ઈસરોના આ પ્રયત્નને ખુબ બિરદાવ્યું છે. નાસાએ મિશન ચંદ્રયાનની મુસાફરીને પોતાના માટે પ્રેરણા ગણાવી છે.

નાસાએ આ સાથે જ ભવિષ્યમાં અવકાશ ક્ષેત્રે ઈસરો સાથે મળીને કામ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે. તો બીજી બાજુ યુનાઈટેડ આરબ અમીરાતની સ્પેસ એજન્સીએ પણ ટ્વીટ કરીને ઈસરોના પ્રયત્નોને બિરદાવ્યાં છે અને ભારતને સ્પેસ સેન્ટરનો મહત્વનો ખેલાડી ગણાવ્યો છે.

અમેરિકાની નાસાએ ટ્વીટ કરીને કહ્યું કે "અંતરિક્ષ શોધ એક મુશ્કેલ ક્ષેત્ર છે. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-૨ મિશનનું લેન્ડિંગ કરાવવાના ઈસરોના પ્રયત્નના અમે આવકારીએ કરીએ છીએ.

● અનુસંધાન પાન-૭ પર

## ઈસરો સ્પિરીટ અનુભવાય છે : મોદી

**માત્ર ૧૦૦ સેકન્ડની અંદર દેશના લોકો એક સાથે જોડાઈ ચુક્યા છે : સફળતા, નિષ્ફળતાના અર્થ બદલાઈ ગયા છે**

રોહતક, તા. ૮

હરિયાણા વિધાનસભા ચૂંટણીથી પહેલા કોંગ્રેસના ગઢ ગણાતા રોહતકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોતાની સરકારની નવી અવધિના ૧૦૦ દિવસની ઉપલબ્ધીઓનો ઉલ્લેખ કર્યો હતો. સાથે સાથે જુદા જુદા મુદ્દા ઉપર વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, હવે દેશમાં ઈસરો સ્પિરીટ પ્રવર્તી રહી છે. ઈસરો સ્પિરીટની દેશવાસીઓ પ્રશંસા કરી રહ્યા છે. ચંદ્રયાન-૨નો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, ૭મી સપ્ટેમ્બરના દિવસે રાત્રે ૧.૫૦ મિનિટે સમગ્ર દેશના લોકો ટીવી ઉપર નજર લગાવીને બેઠા હતા. લોકો ચંદ્રયાનના લેન્ડ કરવાને લઈને ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા હતા. સાતમી સપ્ટેમ્બરની રાત્રે ૧૦૦ સેકન્ડમાં જ તેઓએ એક નવી ચીજ નિહાળી હતી. આ ઘટનાએ સમગ્ર દેશને ૧૦૦ સેકન્ડની અંદર જ જગાવી દેવામાં સફળતા મેળવી હતી. સમગ્ર દેશના લોકો એક સાથે જોડાઈ ગયા હતા. હવે ભારતમાં ઈસરો સ્પિરીટ જોવા મળે છે. હવે દેશ નકારાત્મકતાને સ્વીકારવા

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

**પાક.માં ચીન પૈસા રોકશે**

પાકિસ્તાનની વિવિધ યોજનાઓમાં ચીન લગભગ એક અરબ ડોલરનું રોકાણ કરશે. પાકિસ્તાનમાં ચીનના રાજદૂત યાઓ જિંગે આ જાણકારી આપી હતી. ચીન પાકિસ્તાન કોરીડોર હેઠળની વિવિધ યોજનાઓના વિસ્તાર અંગે ચીને આ નિવેદન આપ્યુ હતુ.

**ઓડીશામાં ટ્રક ડ્રાઈવરને ૭૦ હજારનો દંડ**

ઓડીશાના સંબલપુર જિલ્લામાં રહેનાર ટ્રક ડ્રાઈવરને ટ્રાફિકના નવા નિયમો હેઠળ અત્યાર સુધીનો સૌથી મોટો દંડ ફટકારવામાં આવ્યો છે. ડ્રાઈવરને ૮૬,૫૦૦ રૂ.નો દંડ ભરવાનુ કહેવામાં આવ્યુ હતુ. ટ્રાફિકના નિયમોના ભંગ બદલ તેનો ફટકારવામાં આવેલા અધધ દંડ બાદ તેને રૂ. ૭૦ હજારનો દંડ ભર્યો હતો.

**કાળુ નાણુ ધરાવનારાઓ મુશ્કેલીમાં**

સ્વિસ બેંકમાં ભારતીય ખાતાધારકોના ખાતાની વિગતો ભારતને પ્રાપ્ત થઈ છે. બંધ થઈ ચુકેલા કેટલાક ભારતીય ખાતાઓની વિગતો પ્રાપ્ત થઈ છે. કાળુનાણુ ધરાવનારાઓ સામે કેસ કરવા વિગતો કામમાં લાગશે.

**શ્રીનગર સહિત ઘણા વિસ્તારોમાં કર્ફ્યૂ જેવી સ્થિતિ**

જમ્મુ કાશ્મીરમાં મોહરમના જુલુસને ન નીકળવા દેવા માટે શ્રીનગર સહિતના ઘણા વિસ્તારોમાં રવિવારે કર્ફ્યુ જેવી સ્થિતી સર્જાઈ છે. મળતી માહિતી પ્રમાણે ધાર્મિક પરિષદોથી હિંસા જેવી સ્થિતી બની શકે છે. લાલચોકના વાણિજ્યિક કેન્દ્રો અને આસપાસના વિસ્તારોના તમામ પ્રવેશ સ્થળો પર તારબંધી કરીને વિસ્તારને પુરી રીતે સીલ કરી દેવાયો છે.

**દિલ્હીમાં વિખ્યાત ગેંગસ્ટરની હત્યા**

ઉત્તારી દિલ્હીના નરેલા વિસ્તારમાં બીએસપીની ટીકીટ પર ચૂંટણી લડનાર અને વિખ્યાત ગેંગસ્ટર વીરેન્દ્ર માન ઉર્ફે કાલેની હત્યા કરી દેવાઈ છે.

## પૂર્વોત્તર રાજ્યોના ખાસ દરજ્જામાં ફેરફાર કરાશે નહીં : અમિત શાહ

**કલમ ૩૭૧ નોર્થઇસ્ટના છ રાજ્યો સહિત ભારતના ૧૧ રાજ્યમાં અમલી : કલમ ૩૭૦ નાબૂદ થયા બાદથી ચર્ચા : એનઆરસીની યાદી બાદ અમિત શાહ આસામમાં**

ગુવાહાટી,તા.૮

આસામમાં રાષ્ટ્રીય નાગરિકતા રજિસ્ટર (એનઆરસી) માટે ફાઈનલ યાદી જારી કરવામાં આવ્યા બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે પ્રથમ વખત રાજ્યમાં પહોંચ્યા હતા. નોર્થઈસ્ટ કાઉન્સિલની બેઠકમાં ભાગ લેવા માટે પહોંચેલા અમિત શાહે કહ્યું હતું કે, પૂર્વોત્તરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૧ સાથે કોઈ ચેડા કરવામાં આવનાર છે. પૂર્વોત્તરને મળેલા ખાસ દરજ્જામાં ફેરફારની કોઈ યોજના નથી. ભાજપ સરકાર આ ખાસ દરજ્જાનું સન્માન કરે છે. અમિત શાહે કહ્યું હતું કે, ભાજપ સરકાર પૂર્વોત્તરના રાજ્યોને જે સુવિધા મળેલી છે તેમાં કોઈ ફેરફાર કરવા ઈચ્છુક નથી. મહાભારતના યુદ્ધની અંદર બબરુ





વાહન હોય કે પછી ઘટોત્કચ્છ હોય બંને નોર્થઈસ્ટના હતા. અર્જુનના લગ્ન અહીં મણિપુરમાં થયા હતા. શ્રીકૃષ્ણ ભગવાનના પૌત્રના લગ્ન પણ નોર્થઈસ્ટમાં થયા હતા. જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની નાબૂદી બાદ તેના ક્લોન ગણાતા ૩૭૧ને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા છે ત્યારે આજે અમિત શાહે આ મુજબની સ્પષ્ટતા કરી હતી. કલમ ૩૭૦ની જેમ જ કલમ ૩૭૧ને પણ ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે અમલી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

કલમ ૩૭૧ નોર્થઈસ્ટના છ રાજ્યો સહિત ભારતના ૧૧ રાજ્યોમાં લાગૂ થાય છે. બંધારણની કલમ ૩૭૧એ હેઠળ આવી કોઈપણ વ્યક્તિને નાગાલેન્ડમાં જમીન ખરીદવાના અધિકાર નથી જે ત્યાંના સ્થાનિક નાગરિક નથી. અહીં જમીનો માત્ર રાજ્યના આદિવાસીઓ જ ખરીદી શકે છે. ભારતીય સંઘના સૌથી છેલ્લે વર્ષ ૧૯૭૫માં સામેલ સિક્કિમને પણ બંધારણમાં કેટલાક અધિકાર આપવામાં આવ્યા છે. કલમ ૩૭૧એફ દ્વારા રાજ્ય સરકારને સમગ્ર રાજ્યની જમીનના અધિકાર આપવામાં આવેલા છે.

## વરિષ્ઠ વકીલ અને સાંસદ રામ જેઠમલાણીનું નિધન

**રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાને દુઃખ વ્યક્ત કર્યુ : કોંગી પ્રમુખ સોનિયા ગાંધીએ દુઃખ વ્યક્ત કર્યુ : જેઠમલાણી છેલ્લા બે અઠવાડિયાથી બિમાર હતા**

નવીદિલ્હી,તા.૮

વરિષ્ઠ વકીલ અને રાજ્યસભા સાંસદ રામ જેઠમલાણીનું આજે સવારે અવસાન થયું હતું. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ સહિત તમામ દિગ્ગજોએ રામ જેઠમલાણીના અવસાન ઉપર દુખ વ્યક્ત કર્યું હતું. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પણ દુખ વ્યક્ત કર્યું છે. જેઠમલાણી છેલ્લા બે સપ્તાહથી બિમાર હતા. તેઓ ૯૫ વર્ષના હતા. રાષ્ટ્રપતિ કોવિંદે ટ્વિટ કરીને કહ્યું હતું કે, પૂર્વ કેન્દ્રીયમંત્રી અને વરિષ્ઠ વકીલ જેઠમલાણીના નિધનથી તેઓ દુખી છે. સામાજિક મુદ્દાઓ ઉપર પોતાના વિશેષ અંદાજમાં વિચાર રજૂ કરવા માટે તેઓ જાણિતા હતા. દેશે એક પ્રતિષ્ઠિત કાયદા વિદ્વાન ગુમાવી દીધા છે. ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ પણ આવી જ પ્રતિક્રિયા આપી છે. મોદીએ સ્વર્ગસ્થ નેતાના આવાસ ઉપર જઈને શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીએ કહ્યું હતું કે, રામ જેઠમલાણીના રુપમાં દેશે એક શાનદાર વકીલ અને પ્રતિષ્ઠિત વ્યક્તિ ગુમાવી દીધા છે. તેમના યોગદાનથી કોર્ટ અને સંસદ બંનેને ખુબ ફાયદો થયો છે. જેઠમલાણીએ ક્યારે કોઈ વિષય પર પોતાની ભાવનાઓને રજૂ કરવામાં ખચકાટની લાગણી વ્યક્ત કરી ન હતી. મોદીએ કહ્યું છે કે, તેમની સૌથી મોટી ખાસિયત એ હતી કે તેઓ પોતાના મનની વાત કરતા હતા. કોઈપણ ભય વગર વાત કરતા હતા.



## યુદ્ધવિરામનો ભંગ કરી ફરી પાકિસ્તાન દ્વારા ગોળીબાર : ભારતનો જડબાતોડ જવાબ

**૩૭૦ની નાબૂદી બાદ પાકિસ્તાન દ્વારા ૨૨૨થી વધુ વખત સરહદે ભીષણ ગોળીબાર કરાયો**

શ્રીનગર,તા.૮

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને નાબૂદ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન દ્વારા નાપાક હરકતોનો દોર જારી રાખવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લાના સુંદરબાની વિસ્તારમાં પાકિસ્તાને આજે સવારે યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો જેનો જવાબ ભારતીય સેનાએ જોરદારરીતે આપ્યો હતો. પાકિસ્તાની સેના દ્વારા ટૂંકા ગાળાની અંદર જ અનેક વખત ગોળીબાર કરવામાં આવ્યો છે. પાકિસ્તાન દ્વારા સપ્ટેમ્બર મહિનામાં જ અનેક વખત ગોળીબાર કરવામાં આવી ચુક્યો છે. બંને દેશો વચ્ચે ભીષણ ગોળીબારના કારણે તંગદિલી રહી હતી. તે પહેલા બીજી સપ્ટેમ્બરના દિવસે પાકિસ્તાને પૂંચમાં યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો જેમાં એક જવાન શહીદ થયા હતા. ખીણમાં ઘુસણખોરી કરવા તથા શાંતિ ભંગ કરવાના પ્રયાસો પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહ્યા છે. પાકિસ્તાન દ્વારા બીજી સપ્ટેમ્બરના દિવસે કરાયેલા ગોળીબારમાં ૨૩ વર્ષીય ગ્રેનેડિયર હેમરાજ શહીદ થયા હતા. તેઓ રાજસ્થાનન રુપનગઢ તાલુકાના નિવાસી હતા. તેમને ૨૦૧૭માં સેનામાં સામેલ થયા બાદ ઉલ્લેખનીય સેવા આપી હતી. શનિવારના દિવસે પણ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલે કહ્યું હતું કે, પાકિસ્તાન દ્વારા શ્રેણીબદ્ધ કોમ્યુનિકેશન ટાવરો ઉભા કરવામાં આવી ચુક્યા છે અને આના ભાગરુપે તેના દ્વારા નાપાક હરકતો કરવામાં આવી રહી છે. કાશ્મીરી લોકોને ઉશ્કેરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદી બાદ પાકિસ્તાન તરફથી અવિરત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ૩૦મી ઓગસ્ટના દિવસે સરકાર દ્વારા ડેટા જારી કરવામાં આવ્યા હતા જેમાં જણાવવામાં આવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા કલમ ૩૭૦ને નાબૂદ કરવામાં આવ્યા બાદ પાંચમી ઓગસ્ટ બાદથી પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામનો ૨૨૨ વખત ભંગ કરવામાં આવી ચુક્યો છે. આંકડામાં જણાવવામાં આવ્યું હતું કે, પાકિસ્તાની સેનાએ ૨૦૧૯માં કુલ ૧૯૦૦ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે.



## રિપોર્ટ કાર્ડ રજૂ કરવા જુદા જુદા પ્રધાનોને આદેશ થયો

નવી દિલ્હી, તા.૮

મોદી સરકારની બીજી અવધિના પ્રથમ ૧૦૦ દિવસ પૂર્ણ થઈ ચુકયા છે. સરકારે આ અવધિમાં કયા કયા મોટા અને ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યા છે તે અંગે સંબંધિત પ્રધાનોને લોકોને માહિતી આપવા અંગે કહેવામાં આવ્યું છે. તમામ મહત્વના નિર્ણયો અંગે લોકોને માહિતી આપવા ૧૭ મંત્રીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ કેબિનેટ મંત્રી ૯મીથી લઈને ૧૦મી સપ્ટેમ્બરના દિવસે દેશના જુદા જુદા ભાગોમાં પત્રકાર પરિષદ યોજીને મોદી સરકાર-૨ની સિદ્ધિઓ અંગે માહિતી આપશે. જમ્મુ, શિમલા, ચંદીગઢ, મુંબઈ, રાંચી સહિત અનેક જગ્યાઓએ પત્રકાર પરિષદ યોજવામાં આવશે.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

Required
For a Financial Solution Company
Equiry Dealer-NSE,BSE
Office Executive-MF,GIC
Pay 7500 to 12500+incentive
9974703401

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225